સુરતમાં શીધ્ધીવીજીજીને અપાસરે મોહોત્સવની
ખુશાલીમાં

પંચતીરથ પ્રોગ્રામ.

છપાવી પ્રસિદ્ધ કરનાર

સુરત સંગીત મંડળ

સંવત ૧૯૫૭ સને ૧૯૦૧

સુરત ખોદાબક્ષ પ્રેસ.

(નીત્ય નીત્ય ભજીએ તારૂં નામ) એ રાગ.

નીત્ય નીત્ય સ્મરીએ તારૂં નામ. પ્રભુ નામ (૩)
મારે તો અર્હંત પુજાનું ઘણું કામ છે—ટેક
પ્રભુને દ્વારે તો વાલા, દમરાતો કયારેરે,
તેનું પુજામાં ઘણું કામ, ઘણું કામ, ઘણું કામ છે.
ઓ ભુવનપતી અર્હંત પુજાનું ઘણું કામ છે ॥ ૧ ॥
આણીગમ ગણદેવી, બીજુ અમલસાડ છે,
વચમાં ધમડાછા રૂડું ગામ, રૂડુ ગામ, રૂડુ ગામ છે.
ઓ ભુવનપતી ॥ ૨ ॥
મુગલથાણાની સન્મુખ પ્રભુનુ, અજીત પ્રભુનું રૂડુ ધામ,
રૂડુ ધામ, રૂડુ ધામ છે ઓ ભુવનપતી ॥ ૩ ॥
બ્રાંચ જોઈન્ટ કલબ, શરણે છે તારે, સંગની પુરો તમે
હામ, તમે હામ, તમે હામરે; ઓ ભુવનપતી ॥ ૪ ॥

જાહેર ખબર.

ચોપડી મળવાના ઠેકાણાં.

સુરતમા નેમચંદ ખીમચંદની વાડીમાં પુસ્તક-શાળામાં પ્રકમનાની ચોપડી પણ મળશે. લી. ધ. ડી.

॥ અથ ॥ પંચતિર્થ સ્તવન. ॥
॥ સિધ્ધાચલજીનું ॥
દેશી લાલનની.

॥ સિદ્ધગિરિ ધ્યાવો ભવીકા સિદ્ધગિરિ ધ્યાવો ॥ ઘેર બેઠાં પણ બહુ ફળ પાવો ભવીકા બહુ ફળ પાવો ॥ આંકણી ॥ નંદીસર જાત્રા જે ફળ હોવે ॥ તેથી બમણેરૂ ફળ પુંડરગિરિ હોવે ॥ ભ૦॥ પું૦॥ ૧ ॥ તિગણું રૂચકગિરિ ચોગણું ગજદંતા ॥ તેથી બમણેરૂ ફળ જંબુ મહંતા ॥ ભ૦॥ જં૦॥ ખટ ગણું ઘાંતકી ચૈત્ય જુહારે ॥ છત્રીસ ગણું ફળ પુખલ વિહારે ॥ ભ૦॥ પું૦॥ ૨॥ તેથી તેરસગણું ફળ મેરૂ ચૈત્ય જુહારે ॥ સસગણેરૂ ફળ સમેત સિખરે ॥ ॥ ભ૦॥ સં૦॥ લાખ ગણેરૂં ફળ અંજનગિરિ જુહારે ॥ દશ લાખ ગણેરૂં ફલ અષ્ટાપદ ગિરનારે ॥ ભ૦॥ અ૦॥ ૩ ॥ કોડગણેરૂં ફળ શ્રી સિદ્ધાચલ ભેટે ॥ જેમરે અના દિના દુરિત ઉમેટે ॥ ભ૦॥ દુ૦॥ ભાવ અનંતે અનંત ફળ પાવે ॥ શ્રી ગ્નાન વીમલસુરિ એમ ગુણ ગાવે ॥ ભ૦॥ ઇ૦॥ ૪ ॥ ઇતિ ॥

॥ શ્રી સિદ્ધાચલજીનું સ્તવન ॥

॥ વીમલાચલ નીતુ વંદીએ ॥ કીજે એહની સેવા ॥ માનુ હાથ એ ધર્મનો ॥ શિવ તરૂ ફળ લેવા ॥ વિ૦॥ ૧॥

ઉજ્જલ જીન ગૃહ મંડળી ॥ તિહાં દિપે ઊત્તંગા ॥ માનું હિમગિરિ વિભ્રમે ॥ આઇ અંબર ગંગા ॥ વિ૦॥ ૨ ॥ કોઇ અનેરૂ જગ નહી ॥ એ તિરથ તોલે ॥ એમ શ્રીમુખ હરી આગલે ॥ શ્રી સિમંધર બોલે ॥ વિ૦॥ ૩ ॥ જે સઘલાં તિરથ કરયાં ॥ જાત્રા ફળ લઇએ ॥ તેથી એ ગીરી ભેટતા ॥ શત ગણું ફળ લઇએ ॥ વિ ॥ ૪॥ જનમ સફળ હોય તેહનો ॥ જે એ ગિરિવંદે ॥ સુ જસવિજય સંપદ લહે ॥ તે નર ચિર નંદે ॥ વિ૦॥ ૫ ॥ ઇતિ ॥

॥ અથ શ્રી સમેત સિખર ગિરિનું ॥

॥ ક્રિડા કરી ઘેર આવિઓ ॥ એ દેશી ॥ ॥

સુભદ્રા ॥ સમેત સિખર જીન વંદિએ ॥ મોટું તિરથ એહ રે ॥ પાર પમાડે ભવતણો ॥ તીરથ કહિએ તેહરે ॥ સ૦॥ ૧॥ અજીતથી સુમતિ જીણંદ લગે ॥ સહસ મુની પરિવારરે ॥ પદ્મ પ્રભુ સિવ સુખ વરયા ॥ ત્રણસે અડ અણગારરે ॥ સ૦॥ ૨ ॥ પાંચસે મુનિ પરિવારસું ॥ શ્રી સુપાસ જીણંદરે ચંદ્ર પ્રભુ શ્રી યંસ લગે ॥ સાથે સહસ મુણંદરે ॥ સ૦॥ ૩ ॥ છ હજાર મુનિરાજસું ॥ વિમલ જીનેશ્વર સિદ્ધા રે ॥ સાત સહસશું ચઊદમા ॥ નિજ કારજ પર કિધારે ॥ સ૦॥

૪ ॥ એકસો આઠ શું ધર્મજી ॥ નવસે શું શાંતિ નાથરે ॥ કુંથુ અર એક સહસશું ॥ સાચો સિવપુર સાથરે ॥ સ ૦॥ ૫॥ મલ્લિનાથ શત પાંચશું ॥ મુનિ નમિ એક હજારરે ॥ તેત્રીસ મુનિ યુત પાસજી ॥ વરિયાં શિવ સુખ સારરે ॥ સ ૦॥ ૬॥ સત્તાવીસ સહસ ત્રણસેં ॥ ઉપર ઓગણ પચાસરે ॥ જીન પરિકર બીજા કેઈ ॥ પામ્યા શિવપુર વાસરે ॥ સ૦॥ ૭॥ એ વિસે જીન એણે ગિરિ ॥ સિદ્ધા અણસણ લેઈરે ॥ પદમ વિજય કહે પ્રણમીએ ॥ પાસ સામલ નુ ચેઈરે ॥ સ૦॥ ૮॥ ઇતિ ॥

॥ શ્રી સમેત સિખર ગિરિનું ॥

બાપુ સોંપો મને એ રાગ

॥ જઈ પુજો લાલ સમેત સિખર ગિરિ ઉપર પાસ જી સામલા ॥ જીન ભગતે લાલ કરતાં જીન પદ પાવે ટળે ભવ આંબલા ॥ આંકણી ॥ છરિ પાલી દરિશન કરીએ ॥ ભવ ભવ સંચિત પાતિક હરિએ ॥ નીજ આતમ પુન્ય રસે ભરીએ ॥ જ૦॥ ૧ ॥ એ ગિરિવર નીત્ય સેવા કીજે ॥ જેમ સિવ સુખડાં કરમાં લીજે ॥ ચીદાનંદ સુધા રસ નીત્ય પીજે ॥ જ૦॥ ૨॥ જયાં સિવ રમણી વરવા

આવ્યા ॥ અજીતાદિક વીસે જીન રાયા ॥ બહુ મુનિવર જુત્ત સિવ વધુ પાયા ॥ જ૦॥ ૩ ॥ તેણે એ ઉત્તમ ગીરી જાણો ॥ કરે સેવા આતમ કરી શાણો ॥ એ ફરી ફરી નહી આવે ટાંણો ॥ જ૦॥ ૪ ॥ તુમે ધન કન કાચનની માયા ॥ કરતા અશુચીકીની કાયા ॥ કેમ તરસ્યો વીણ એ ગીરી રાયા ॥ જ૦॥ ૫ ॥ એમ શુભ મતી વચન સુણી તાજા ॥ એ ભજો જગરૂગ આતમ રાજા ॥ ગીરી ફરસે ધરી મન શુચી માજા ॥ જ૦॥ ૬॥ સંવત સર રીખી ગજ ચંદ સમે ॥ ફાગણ શુદ તીજ બુધવાર ગમે ॥ ગીરી દરીશણ કરતાં ચીત્ત રમે ॥ જ૦ ॥ ૭ ॥ પ્રભુ પદ પદમ તણી શેવા ॥ કરતાં નીત લઈએ રીવ મેવા ॥ કહે રૂપ વીજય મુજ તે હેવા ॥ જ૦॥ ૮ ॥ ઈતી ॥

॥ શ્રી ગિરનાર ભુષણ નેમનાથજીનું. ॥

॥ ગોવાળરવાં ચારવાં આહીરનો અવતાર રૂડું જોકલીઊં ॥
એ દેશી ॥

રાજુલ ॥ રાજુલ ઉભી માલીએ ॥ જંપે જોડી હાથ ॥ સાહેબ સાંભલીઆ ॥ ૧ ॥ મુખ મટકાલુ નાહરૂ ॥ અણી આલા લોચન્ન ॥ સા ૦॥ મોહન ગારી મુરતે ॥

મોહ્યું માહરૂ મન્ન સા ૦।। ૨ ।। વાહાલા કેમ રહ્યા વેગલા ।। તોરણ ઉભા આય ।। સા ૦।। પુરવ પુન્યે મે લહ્યો ।। એવો આજ બનાવ ।। સા ૦।। ૩ ।। એવે સહુ પસુએ મલી ।। કીધો સબલો સોર ।। સા ૦।। છોડાવી પાછા વલ્યા ।। રાજુલ ચીતડુ ચોર ।। સા ૦।। ૪।। સહસાવન માંહે જઈ ।। સહસ પુરૂષ સંઘાત ।। સા૦।। સર્વ વીરતી નારી વરી ।। આપણ સરખી જાત ।। સા૦।। ૫ ।। પંચાવનમે દાહાડલે ।। પાંમ્યા કેવલ નાણ ।। સા ૦।। લોકા લોક પ્રકાસ તું ।। જાણી ઉગ્યો ભાણ ।। સા ૦।। ૬ ।। રાજુલ આવી રંગશું ।। લાગી પ્રભુને પાય ।। ૦।। મુજને મુકી એકલી ।। કેમ શીવ મંદીર જાય ।। સા ૦।। ૭ ।। વીતરાગ ભાવે વરયા ।। સંજમ લે જીન હાથ ।। સા ૦।। સીવ મંદીર ભેલા થયાં ।। અવીચલ બેહુનો સાથ ।। સા ૦।। ૮।। વાચક રાંમવીજે કહે ।। સુણી સ્વામી અરદાસ ।। સા ૦।। રાજુલ જેમ તારી તુમે ।। તેમ તારો હું દાસ ।। સા ૦।। ।। ઈતી ।।

।। અથ ।। શ્રી આબુજીનું સ્તવન ।।
ચિત ચેતોરે દેશી

વીરવીજય।। આદી જીણેસર પુજતાં।। દુખ મેટોરે ।। આબુગઢ દૃઢ ચીત્ત।। ભવીજઈ ભેટોરે ।। દેલવાડે દેહરાં નમી ।।

દુ ૦॥ ચાર પરીમીત નીત્ય ॥ ભ૦॥ ૧॥ વીસ ગજ બલ પદમાવતી ॥ દુ॥ ચક્કેશરી દ્રવ્ય આંણુ ॥ ભ૦॥ શંખદી એ અંબી સુરી ॥ દુ ૦॥ પંચ કોશ વહે બાંણુ ॥ ભ૦॥ ૨ ॥ બાર પાતસા જીતીને ॥ દુ ૦॥ વીમલ મંત્રી આલ્હાદ ॥ ભ૦॥ દ્રવ્ય ભરી ધરતી કીચો ॥ દુ ૦॥ રીષભ દેવ પ્રાસાદ ॥ ભ૦ ॥ ૩॥ બીહુંતર અધીકા આઠસેં ॥ દુ ૦॥ બીંબ પ્રમાંણુ કહાય ॥ ભ૦॥ પન્નરસે કારીગરે ॥ દુ૦॥ વર્ષ ત્રીહે તે થાય ॥ ભ૦॥ ૪ ॥ દ્રવ્ય અનોપમ ખરચીયો ॥ દુ ૦॥ લાખ તેપન બાર કોડી ॥ ભ૦॥ સંવત દસ અઠયાસીએ દુ ૦॥ પ્રતીષ્ટા કરી મન કોડી ॥ ભ ૦॥ ૫ ॥ દેરાંણી જેઠાંણીનાં ગોખડા ॥ દુ ૦॥ લાખ અઢાર પ્રમાણુ ॥ ભ૦॥ વસ્તુ પાલ તેજપાલની ॥ દુ ૦॥ એ દોઈ કાંતા જાણુ ॥ ભ ૦॥ ૬॥ મુલ નાયક નેમીસરૂ ॥દુ૦॥ ચારસેં અડસઠ બીંબ ॥ ભ ૦॥ રીખભ ધાતુ મઈ દેહરે ॥ દુ ૦॥ એકસો પીસ્તાલીસ બીંબ ॥ ભ૦॥ ૭॥ ચૌમુખ ચૈત્ય જુહારીએ ॥ દુ ૦॥ કાઉસગીયા ગુણવંત ॥ ભ ૦॥ બાણું મીત તેહ આં કહું ॥ દુ ૦॥ અગન્યાસી અરીહંત ॥ ૮॥ અચળ ગઢે પ્રભુજી ઘણા ॥ દુ॥ જાત્રા કરો હુંસીયાર ॥ ભ૦॥ કોડી તપે ફલ જે લહે ॥ દુ ૦॥ તે પ્રભુ ભકતી વીચાર ॥ ભ૦॥ ૯॥ સાલંબન નીરાલંબને ॥ દુ ૦॥ પ્રભુ ધ્યાંને

ભવ પાર ॥ ભ૦॥ મંગળ લીલા પામીએ ॥ ૬ ॥ વીર
વીજય જયકાર ॥ ભ૦॥ ૧૦॥ ઇતી ॥

॥ શ્રી અષ્ટાપદજીનું સ્તવન ॥

॥ કુઅર ગભારો નજરે દેખતાંજી ॥ એ દેશી. ॥

ચઉ અઠ દસ દોય વંદીએજી ॥ વર્તમાન જગદીસરે
અષ્ટાપદ ગીરી ઉપરેજી ॥ નમતાં વાધે જગદીસરે ॥ ચ૦॥
૧ ॥ ભરત ભરતપતીજીન મુખેંજી ॥ ઉચરીયાં વ્રત બારરે ॥
દરીસન શુદ્ધીને કારણેજી ॥ ચોવીસ પ્રભુનો વીહારરે ॥ ચ૦॥
૨ ॥ ઊંચપણે કોશ તીગ કહ્યુંજી ॥ જોજન એક વીસ્તારે ॥
નીજ નીજ માંન પ્રમાણ ભરાવીવાજી ॥ બીબસ્વ પર ઉપ
ગારરે ॥ ચ૦॥ ૩॥ અજીતાદીક ચઉ દાહીણેજી ॥ પછીમે
પઉમાઇ આઠરે અનંત આદે દસ ઊત્તરેજી ॥ પુર્વે રીખભ
વીર પાઠરે ॥ચ૦॥૪ ॥ રીખવ અજીત પુર્વ રહ્યાજી ॥ એપ
ણ આગમ પાઠરે ॥ આત્મ શક્તે કરે જાતરાજી ॥ તે ભવ
મુક્તી વરે હણી આઠરે ॥ ચ૦॥ ૫॥ દેખો અચંભો શ્રી
સીદ્ધાચલેંજી ॥ હુઆ અસંખ્ય ઊદ્ધારરે ॥ આજદીને પણ
એણે ગીરીજી ॥ઝગમગ ચૈત્ય ઊદારરે ॥ ચ૦ ॥ ૬॥ રહેશે
ઉત્સર પણે લગેજી ॥ દેવ મહીમા ગુણ દાખીરે ॥ સીદ્ધ

ની પદ્માદીક થીરપણેજી ॥ વસુદેવ હીંડની શાખરે ॥ ચ૦॥ ૭॥ કેવલી જીન મુખ મેં સુણ્યુંજી ॥ એણે વીધે પદ્માયરે ॥ શ્રી સુભવીર વચન રસેંજી ॥ ગાયા શીખલ શીવઠાયરે ॥ ચ૦॥ ૮॥ ઇતી ॥

॥ રાગ આશાવરી ॥

માયા મહા ઠગણી મે જાણી ॥ માયા
ત્રીગુન ફાસા લેઇ કર દોરત, બોલત અમૃત
બાની ॥ માયા ॥ કેશ વગર કમલા હોઇ બેઠી
સભુ ઘર ભવાની ॥ બ્રહ્મા ઘર સાવીત્રી
હોઇ બેઠી, ઇંદ્ર ઘર ઇંદ્રાણી ॥ માયા ૦॥
પડીત કુંપોથી હોઇ બેઠી, તીર થીયા કુપા
ણી ॥ યોગી ઘર ભભૂત હોઇ બેઠી,
રાજા કે ઘર રાણી ॥ માયા ૦॥ કીને મા
યા હીરે કર બીનો, કીને અંડી કોરી જાણી
કહત બીનય સુનો અબ લોકો. ઊન કે
હાથ બીરાણી ૦॥ માયા ૦॥ ઇભ ॥

સુરત શહેરના ॥ ઓશવાલ મોહલામાં. ગોપીપરા મોઝાર
નેમચંદ ખીમચંદની વાડીમાં બની રચના ગુલઝાર ॥
આબુ અસ્તા પદ ગીરનાર. શમત શીખર શેતરોંજો સાર

પંચે તીરથ ઉતેમ ધામ ॥ સીધ ગયા તેને કરૂ પરનામ ॥
ચૌદ રાજ સોહામનુ દીસે જાક ઝમાલ સમો વસરન રૂપા
તણુ સોભતુ અતી વીશાલ ઉજમ નાની છોડ પીસતા
લીશ મનહર દશ વીદશનાં માનવી વંદે વારમવાર ॥
ઓગનીસે સતાવન અસાડ સુદ અગીઆરશ શુભવાર ॥
પંનાસ પદવી પામયાં શીધી વીજે માહારાજ માહાભારત
મોહાચછવ આંગીપુજા ઠાઠમાઠ ગ્નાન તાન નાંચ રંગ શંગ
પન દીન આઠ ॥ વરઘોડો આઠેમનો શોભાઓ નહી
પાર સજ થઇ બેથા સજ્જેરા વીસાલ વાજા પણ છે રસાલ

રૂડી રૂધીઆલી રાત એ રાગ

ઊમાહેવડીનો

મલી આનંદે આજ રમીએ રાસ વીર વીલાસમાં ॥
ભલી ભકતી જીનરાજ ॥ આનંદ આપે અધીકો ઉરમાં ॥
રધ લાગી જોવા પ્રેભુ મુખ ॥ ભાંગી નાખી છે ભવભીર
ભુખ આજ ચાલો પ્રેમથી ॥ મલી આનંદે આજ ॥
ફુલન ફેરે બાગમે બેઠે રીતુન રાજ જીઉ તારા બીચ ચંદ્ર
માં તીઉ સોભે માહારાજ મનહર દીપે મુરતી તાહી મુરતી
તારી ॥ રાતનો ભુલયો માન વીહીરાવે મારગમે આયે દીવસ

ના ભુલ્યો માનવી ફીરફીર ગોથા ખાય ॥ શીધ બતાવોરે પ્રભુનાં શીધ બતાવોરે ॥ પલકપલક તુમ નામનો ॥ જાપજ પુજીનરાજ ॥ ॥ મવી ॥

રાગ વીના વેલીને।

પ્રેભુજી તોરે અંગમે ફુલ નીકી બાહાર હેચે ॥ ફુલનકા બાજુબંધ ફુલનકા ગંજરા ઔરસોહે ફુલનકાં ગલેબાહાર હચે ॥ નયનાં રસીલે વયન મધુરહે વારી વારી મુખ તેરા અતી મન હાર હચે ॥/

લો રંક જાણી રે લો બાલ જાણી રે
લો ફુલજાની તારો લેહો રંક જાણી
લો બાલ જાણી ॥ સુ મોગરા
ચંપેલી તોરી અગીઆ અલબેલી
મુને આધાર પ્રેભુ તારા લેલો ॥ રંકા ॥

પારસ સામલીઆ દરશન જોઈ તમારૂ આનંદે મલીઆ હરખું આ ચીત તમારૂ ॥ તોરી મત માંજયકારી વારી જાઉ વાર જારી ॥ પા થાકયો શોધી સંસારનો સાર પ્રભુ હવે તો ઊતાર મુને પાર ॥ પાર ॥ જેન

સંગીત મંડળ ગાવે પ્રભુ મેહરથી સુખ બહુ પાવે

ગરબાં

તાર તુતો તાર પ્રભુ. તાર મુને તાર મોહે તાર તાર તાર
તાર તુતો તાર મુને તાર તાર મુને તાર તાર
તાર તુહી તાર તાર તુહી તાર તાર પ્રા૦
આરોપ અતિ (સાખી) માહેરા તેજીન તાર ન હાર
તેથકી તુજને કહુ ભવજલ તીર ઊતાર ॥તા.

ગરબા

આજ છે દી શફલ મનહાર ચાલ ચાલ
પાશ ને મનમવા ॥ જોને સખી જીનતનારે
દીદાર ॥ માહા લેરે મન મુજબ આનંદમાં
ફુલન ફેરે બાગમાં સખી બેઠા સીજીન રાજ
જીઉતારા બીચ ચંદમાં તીઉ સોભે માહા રાજ
વામા નંદન જીનવર મુનીવરમા વરો રેફે
મુ ॥ ધરોની કાંઈએ જીન જીનુ ધાન જેથી થાય
સંસર તનુનીવારણ વાન જેને પાસ તુનેરે ધાન
નાતે ઇંદ્રાં દીક ગાય ॥ ભા ૧॥ જેનો આજ

(પાણી ભરવાને હું ગઈથી રે સાહેલીની સંગાથે—એ રાગ.)

છેલ છબીલો છોગાળોરે આવે સખી મન રંગે રથ ચઢી જાન લઇને રે. જાદવ કોટી સંગે ॥ એ ટેક ॥ સાખી ॥ સોમીન મુખથી અમૃત ઝરે, નયના અમીઅ કચોલ ॥ જાગી પુરોવ મીતડી, રંગારી રંગ ચોલ ॥ આતુર ચીત વર વારે ॥ સુંદર વરની રુગે ॥ આતુર મન મલવારે, ધરે છે ઊછરંગે ॥ છે. ॥ સાખી ॥ પશુ પોકાર શ્રવણે સુણી વળી આ ત્રીભુવન શ્યામ; જઈ ગીરીવર દીક્ષા ગ્રહી પામ્યા અક્ષય જ્ઞાન; રાજુલ ગીરનારે રે, કે છેવટ જઈ પોતી. લઈ દીક્ષા સીક્ષારે, કે કર્મ મલીન ધોતી ॥ છેલ ॥

॥ ૨ ॥

(બીક લાગે ભાઇ બાપુ પાસે જાતાં સુજનેરે–એ રાગ.)

પાસ નામકું સમર લે આ વખ્ત જાતાં હે, વખ્ત જાતાં હે ભલા આ વખત જાતા હે ॥ પાસ ॥ તુ મતકર માન ગુમાન, હય આખર મોત નીશાન, ધરતું ધાન, તજ અજ્ઞાન, પ્રભુકુ નામ લે ॥ પાસ ॥ હય કાયા તેરી કાચી ક્યું રહયા ઉસમે રાચી, કોમ કરોધ મોહ છોડી, જીન જીકો નામ લચે ॥ પાસ ॥ પ્રભુ તું હે નીરંજન અલેખી, મુને જ્ઞાન આવે તુજ દેખી કહે દાસ આશ અર્જ મેરી, ધ્યાન ધરલે ॥ પાશ ॥

॥ ૩ ॥

(ઝુગ ઝુગ પડેરે—એ રાગ.)

નીત્ય નીત્ય નમું રે તુજ જીન પ્યારે ॥ મોહે તાર, અબતાર, તાર. તાર, તાર, તાર. અબતાર રે ॥ નીત્ય ॥ તુજ નામ જગ મોટા, તુમ કામ જગ સોહાતા, તુજ ધર્મ જગ બોહતા, ભવીજીવ ભવ ખોટા. મન ભાવત, ગુણ ગાવત, શીવ પાવત, તુમ કરો મહારાજ જૈન મોહન ગુણ સારે ॥ નીત્ય ॥

॥ ૪ ॥

(પૈયામેં લાગું ઓ આચા પિયારે—એ રાગ.)

રથના ફીરાવો હો નેમ પીયારે, નમું મેં તુજે, હો નેમ પીયારે ॥ નારી વીછુટી ના પાડો પીયારારે મોરે પૈયામેં લાગુ હો નેમ પીયારે. તુમહો પીયા કરૂ નાએ નાથામ ॥ પીયા મત જા છોડી દે—મુજરે—મોરારે—પ્રાણનાથ.

॥ ૫ ॥

દીન પાયા બાહારકા પીરો જવા હુએ સાહમાં (એ રાગ.)

સુખ પાયા જીનંદકા દેખા પ્રભુ ફુલ બાગમાં, બાગમાં, બાગમાં, બાગમાં, બાગમાં. ॥ સુ૦ ॥ એ.સો

સુપન દીન આએ અચાનક, જાના પીછાના જીનંદા। દે૦ ॥ ચંપા ચંએલી જાન સોહે ચરણમેં. ફુલ ફુલે જાણીન બાગમાં ॥ દે૦ ॥

॥ ૬ ॥

(જા હુવે રાતે સુખનો એ રાગ.)

શ્રી જીનરાજ, ગરીબ નીવાજ, રાખો લાજ મારી આજ દુર કર પ્રભુ મુજ દુષ્ટ દષ્ટી, અર્જ મેરી હ્રદય ધરી. પ્રભુ તું દાતાર, સાહયા થા આવાર, સંસાર-ભવ પાર કીરતાર-ઉતારતું । શ્રી

॥ ૭ ॥

(મય આનું ન માનું મનાય પીયરવા-એ રાગ.)

મેં પુજું મેં પુજું સદાય, સ્વામી હો વારે ચડોજી-વારે-મેં પુજું.

ફુલ તોરાની આંગી બનાવી, મનડું મમ મલકાય-સ્વામીહો૦

સુખ કરતા છો દુખ હરતાજી, જીન સાસન ઝળકાય-સ્વામીહો૦

વીઘા વૃક્ષની વેલી વધારવ 'નાન 'અમ્મર ચીત ચ્હાય સ્વામી.

,,માંગરોળ જૈન સંગીત મંડળીના", બાળ મળી ગુણ ગાય-સ્વા૦